

લૉકડાઉનના સમયમાં રોજગારીનો પ્રશ્ન સૌને સતાવી રહ્યો છે ત્યારે સરકાર ગરીબોની વ્હારે આવી છે. સતત બીજા મહિને સરકાર દ્વારા એપીએલ-૧ કાર્ડ ધારકોને વિનામૂલ્યે અનાજનું વિતરણ કરવામાંઆવી રહ્યું છે. માસ્ક પહેરીને આવનાર લાભાર્થીઓને અનાજનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર-અમદાવાદમાં કોરોના સંક્રમણના વધતા જતા કેસોના પગલે ટોરેન્ટ પાવર કંપનીએ તેના મીટર રિડરોને રિડીંગ માટે નહિ જવાની સૂચનાઓ જારી કરી છે.
- અડાલજમાં નોંધાયેલ પ્રથમ કોરોનાનો શ્રમિક પરિવારનો દર્દી જીવીત હોવાની વાતોએ આજે ચકચાર મચાવી છે અને આરોગ્યતંત્રમાં ચાલતી લાલિયાવાડીને લઈ લોકોમાં અનેકવિધ ચર્ચાઓ થઈ રહી છે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના નોંધાયેલા કેસો પૈકી ૩ દર્દીને સંપૂર્ણ રોગમુક્ત થતાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ૧૦ દર્દીને અત્યાર સુધીમાં સંપૂર્ણ સાજા થતાં રજા આપવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ કહ્યુ છે.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોરોનાની સારવાર હેઠળ રહેલા દર્દીઓને હવે જે નવી કોવિડ હોસ્પિટલો બની છે ત્યાં ખસેડવામાં આવશે. એ-સિમ્ટોમેટીક દર્દીને જ ખસેડવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.
- ગાંધીનગર તાલુકા સહિત ગ્રામ્ય વિસ્તારમાં ક્વોરોન્ટાઈન ફેસીલીટી સેન્ટરો શરૂ કરવાની કવાયત તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાને લઈ ૧૩૫૦ વ્યક્તીઓના ટેસ્ટ કરવામાં આવ્યા છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




આ લોકો કહે છે કે હવે અમે ગંભીર થઈ ગયા છીએ... હવે પોલીસની જગ્યાએ આર.એ.એફ. દંડા મારશે...!!

# વાવોલમાં વધુ એક કોરોના પોઝિટીવ કેસ આવતા ચિંતાનો માહોલ

ગાંધીનગર તા.૦૭

ગાંધીનગર જીલ્લામાં કોરોના કેસોમાં આંકડો સતત વધતો જઈ રહ્યો છે. ગાંધીનગરના વાવોલ ખાતે વધુ એક યુવાનને કોરોના પોઝિટિવ આવતા વાવોલ ગામમાં ચકચાર મચી જવા પામી છે. અત્રે ઉલ્લેખનીય છે કે વાવોલનો બીજો કોરોના પોઝિટિવ કેસ પણ સોસાયટી વિસ્તારનો છે જેના કારણે વાવોલના સમગ્ર સોસાયટી વિસ્તારમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર વાવોલના ઉવારસદ રોડ પરની સંકલ્પ રોયલ-૨ બંગલો સોસાયટીમાં એક ૩૨ વર્ષીય યુવાનને કોરોના પોઝિટિવ હોવાનો રિપોર્ટ આવ્યો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આ યુવાન ધોળકા પાસેની કેડિલા ફાર્મા કંપનીમાં કામ કરતો હતો જેમાં એક સાથે ૨૧ કર્મચારીઓને કોરોના પોઝિટિવ હોવાનું માલૂમ પડ્યું હતું જેમાં આ યુવાનનો સમાવેશ થાય છે. આજે વહેલી સવારે લગભગ સાડા ચાર વાગે આ યુવાને ૧૦૮ એમ્બુલન્સ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતેના કોવિડ-૨૯ સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો હતો. અગાઉ વાવોલમાં જે પહેલો કેસ કોરોના પોઝિટિવ આવ્યો હતો તે પણ એક નવ યુવાન હતો અને સોસાયટીનો રહીશ હતો જ્યારે આ બીજો કેસ પણ યુવાન તેમજ સોસાયટી વિસ્તારનો મળી આવતા વાવોલની સોસાયટી વિસ્તારના રહીશોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

બીજી તરફ વાવોલ ગ્રામ પંચાયત દ્વારા વાવોલની હદમાં વધતાં કોરોના સંક્રમણના જોખમને કારણે સમગ્ર વાવોલ વિસ્તારમાં કોરોના વાઈરસ સંક્રમણ વધે નહીં તે હેતુથી શુક્ર-શનિ-રવિ સળંગ ત્રણ દિવસ માટે વાવોલ ગ્રામ પંચાયતની હદમાં દૂધ-દવા સિવાયના તમામ વેપાર બંધ રાખવાનો આદેશ આપ્યો છે અને સાથે સાથે નાગરિકોને ઘરની બહાર નહીં નીકળવા તથા સોશિયલ ડિસ્ટન્સિગનું પાલન કરવા તાકીદ કરવામાં આવી છે. આ ઉપરાંત વાવોલમાં માસ્ક પહેરવાનું ફરજિયાત કરી દેવામાં આવ્યું છે અને જે નાગરિક આ આદેશોનું ઉલ્લંઘન કરશે તેને માટે દંડની જોગવાઈ કરવામાં આવી છે.

# કોરોના હોટસ્પોટ સેક્ટર-૨૯ કોરોના મુક્ત સેક્ટર બન્યું

### સેક્ટર-૨માં ૭ અને સેક્ટર-૨૪માં ૬ મળી કુલ - ૧૩ કોરોના પોઝિટીવ કેસ : કોરોનાના કેસ મળેલા સેક્ટર-૨૩, ૧૨ અને ૭માં ૬ મે સુધીમાં એક પણ કોરોનાનો કેસ નહિ

ગાંધીનગર

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં તા.૦૬ મે સુધીમાં કુલ- ૩૮ કોરોનાના પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાંથી ૧૨ વ્યક્તિને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. એક વ્યક્તિનું મોત થયું છે. તા. ૦૬ મે, ૨૦૨૦ના સાંજના પાંચ કલાક સુધીમાં ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં માત્ર ૨૫ જ કોરોનાના પોઝિટીવ કેસ છે.

સમગ્ર વિશ્વ સહિત દેશમાં કોરોનાનો હાહકાર મચી ગયો છે. કોરોનાના ભયના ઓથાર નીચે સૌ કોઈ આવી ગયા છે. એપ્રિલ માસ દરમ્યાન ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં થોડાક દિવસ માટે એક પણ કોરોનાનો પોઝિટીવ કેસ ન હતો. સૌ કોઈ કહેતા કે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તાર કોરોના મુક્ત બની ગયો છે. જેનો આનંદ સોશ્યિલ મીડિયા અને નગરના સૌ નાગરિકમાં હતો.

પરંતુ આ કોરોના મુક્ત નગર લાંબો સમય રહી શક્યું નહિ, ધીરે ધીરે ગાંધીનગર મહાનગરપાલિકામાં કોરોના કેસના આંકડા વધતા ગયા. આ વાત સૌ કોઈ માટે ચિંતારૂપ બનતી ગઈ. કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા માટે વિવિધ પગલા પણ લેવાયા પણ આજે કોરોનાનો હાહાકાર રોજ એક નવો આંચકો નગરજનોને આપી રહ્યો છે.




ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં તા.૦૬ મે, ૨૦૨૦ સુધીમાં કોરોનાના કુલ-૩૮ પોઝિટીવ કેસ નોંધાયા હતા. જેમાંથી સૌથી વધુ ૭ કોરોનાના કેસ સેકટર-૨માં નોંધાયા છે. ત્યારબાદ સેકટર-૩ માં ૫(પાંચ), સેકટર-૩/ન્યુ માં ૨(બે), સેકટર-૭,૧૨,૧૩,૨૨ અને ૩૦ માં એક—એક કેસ, સેકટર-૮ માં ૨(બે) અને સેકટર-૨૩ માં ૪ (ચાર), સેકટર-૨૪ માં ૬ (છ) અને સેકટર-૨૯માં ૭(સાત) મળી કુલ ૩૮ કોરોનાના પોઝિટીવ કેસ મળ્યા છે. જેમાંથી એક સયમ માટે સૌથી વધુ હોટ સ્પોટ ગણાતું સેકટર-૨૯ માં હાલ એક પણ કેસ નથી. તેમજ સેકટર-૨૩, ૭ અને ૧૨ માં પણ તા. ૬ મે, ૨૦૨૦ સુધીમાં એક પણ કેસ કોરોના વાયરસનો નથી.

ગાંધીનગરમાં કોરોના વાયરસના કારણે એકનું જ મોત થયું છે. તેમજ ૩૮ કોરોના પોઝિટવ કેસમાંથી ૧૨ વ્યક્તિ કોરોના સામેની લડાઈમાં જીત મેળવી છે. આમ હાલમાં ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ૨૫ કોરોનાના પોઝિટીવ કેસના દર્દીઓ સારંવાર હેઠળ છે. આ દર્દીઓ પણ ખૂબ ઝડપી સાજા થઈ જશે, તેવી આશા છે. નગરમાં તંત્રની ઉમદા કામગીરી, લોક ડાઉનની કડક અમલવારી અને નગરજનોની જાગૃત્તિ થકી ફરીથી આપણે ગાંધીનગરને કોરોના મુક્ત નગર બનાવીશું તે પણ દિવસો દૂર નથી.



લોકડાઉનના સમયમાં પોલીસ જવાનો અને હોમગાર્ડના જવાનો સતત પોતાની ફરજ બજાવી રહ્યા છે. આકરો ઉનાળો માથે હોવા છતાં આ કોરોના વોરીયર્સ જરાય ડગ્યા વિના સતત પોતાની ફરજ બજાવી રહ્યા છે. ગરમી વધી રહી છે અને તડકો આકરો બની રહ્યો છે. તેવા સમયે ગરમીથી રક્ષણ મળે તેવી કેપનું વિતરણ પોલીસ અને હોમગાર્ડના જવાનોને કરવામાં આવ્યુ છે.

## લીંબડીયા ગામે કોરોના મહામારી અને લોકડાઉન સંદર્ભે જિલ્લા-તાલુકા અધિકારીઓ મુલાકાતે

વૈશ્વિક કોરોના વાયરસ કોવિડ-૧૯ના સંક્રમણ અટકાવવા ગ્રામ્યકક્ષાએ મહામારી અને લોકડાઉનના અમલદારી સંદર્ભે ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલ તથા તાલુકા વિકાસ અધિકારી જી.એ. ધાંધલિયા, તાલુકાના લીંબડીયા ગ્રામ પંચાયત ખાતે મુલાકાત લીધી હતી. આ મુલાકાતમાં ગામના સરપંચ હર્ષદભાઈ પટેલ સાથે વર્તમાન પરિસ્થિતિ કોરોના વાયરસ અને લોકડાઉન સંદર્ભે સમીક્ષા કરી હતી. ઉપરાંત ગામમાં રાશનકાર્ડ ધારકોના લાભાર્થીઓને મળતુ રાશન અંગે માર્ગદર્શન અને માહિતીનું આદાન પ્રદાન કર્યુ હતુ.



લોકડાઉન સતત વધતુ જાય છે. રોજગાર વિનાના પરપ્રાંતિયો ઘરે જવા ઉતાવળા થયા છે. આવા સમયે સરકારે પરપ્રાંતિયો માટે એસટી બસની સેવા શરૂ કરી છે. ઉત્તરપ્રદેશ સહિતના વિવિધ પ્રાંતોમાં જવા ઈચ્છતા પરપ્રાંતિયો એસટી બસ સ્ટેન્ડ પર પરિવાર સાથે ઉભેલા જોવા મળી રહ્યા છે.

# જિલ્લા વિકાસ અધિકારીએ વિડિયો કોલીંગથી કલોલ તાલુકાના ગામોનો તાગ મેળવ્યો

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલે આજે કલોલ તાલુકા પંચાયત ખાતેથી તાલુકાના વિવિધ ગામોના સરપંચશ્રીઓ સાથે વિડિયો કોલીંગથી વાત કરી હતી. ગામની વર્તમાન પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર. રાવલે આજે કોરોનાના કેસોની પરિસ્થિતિની સમીક્ષા માટે કલોલ તાલુકાના પલસાણા અને જાસપુર



ગામની મુલાકાત લીધી હતી. ગામના સરપંચ અને તલાટીશ્રી પાસેથી ગામમાં કોરોના વાયરસની પરિસ્થિતિ કેવી છે. ગામમાં માસ્ક ફરજિયાત પહેરવાનું અમલીકરણ કેવી રીતે કરવામાં આવે છે. ગામમાં કરિયાણા, દવાની દુકાન હોય તો ત્યાં અને અન્ય જીવન જરૂરિયાત વસ્તુઓનું વિતરણ સોશિયલ ડિસ્ટન્સીંગથી કરવામાં આવે છે કે નહિ, લોક ડાઉનના અમલીકરણ જેવી વિવિધ બાબતોની બારીકાઈથી માહિતી મેળવી હતી. તે ઉપરાંત કલોલ તાલુકા પંચાયત ખાતેથી કલોલ તાલુકાના વિવિધ ગામોના સરપંચશ્રીઓ સાથે વિડિયો કોલીંગથી વાત કરી હતી ગામની વર્તમાન પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

## અડાલજ પાસેથી એકટીવા પર દેશી દારુ લઈ જતા બે યુવકો ઝડપાયા

ગાંધીનગર, તા.૭

લોકડાઉન વચ્ચે ગાંધીનગર નજીક અડાલજ ખાતે એકટીવા પર દેશીદારુ લઈને નીકળેલા ખોરજના બે યુવકો પોલીસના હાથે પકડાયા છે. પેટ્રોલીંગમાં રહેલી અડાલજ પોલીસે ખોરજ કેનાલ પાસેથી જી.જે.૧૮.ડી.એફ.-૭૬૭૯ નંબરનું એકટીવા પકડી પાડયુ હતું.

તેમાં સવાર ખોરજ ગામના ધર્મેશ ગોરધનભાઈ પટેલ (ઉં.૩૦), તેમજ સાગર નલીનભાઈ પટેલ (ઉં.૨૬) નો સમાવેશ થાય છે. આ બે શખ્સો પાસેથી પ્લાસ્ટીકની ચાર થેલીમાં રહેલો ૨ લીટર દેશી દારુ મળી આવ્યો હતો. પોલીસે રૂ.૪૦ ની કિંમતનો દારુ અને રૂ.૨૦ હજારની કિંમતનું એકટીવા કબ્જે લઈને બંને યુવકો સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સરકાર દ્વારા એસટી શરૂ કરતા ખાનગી લકઝરી બસો થશે બંધ

### કોરોના કહેર વચ્ચે ગુજરાત સરકાર એસટી બસો દોડાવે કોંગ્રેસ પક્ષ પરપ્રાંતિયના ભાડા ચૂકવવા માટે તૈયાર :ચાવડા

ગાંધીનગર,તા.૭

સુરતથી સૌરાષ્ટ્ર વતન પરત ફરવા માંગતા લોકો માટે રાજય સરકારે એસ.ટી. બસની સુવિધા ચાલુ કરતા હવે તમામ ખાનગી બસો બંધ રહેશે. સુરત ટ્રાવેલ્સ એસોસિએશને આ અંગેની મહત્વની જાહેરાત કરી હતી. જે મુજબ આજે રાત્રિથી સુરતથી ખાનગી બસો નહીં દોડે. જેટલી બસોએ આજે રાત્રિ સુધીનું બુકિંગ કર્યુ છે તે બસો નિયત સમય મુજબ રવાના થઈ જશે.

ત્યારબાદ રાત્રિથી એક પણ ખાનગી બસ નહિં ઉપડે. એસ.ટી.બસ દ્વારા વતન પરત ફરનારા લોકોને ઓછા ભાડામાં લઈ જવાતા ખાનગી બસો બંધ કરવામાં આવી છે. બીજીબાજુ, ગુજરાતમાં ફસાયેલા શ્રમિકોને પોતાના વતન પરત જવા મામલે કોંગ્રેસે ઝંપલાવતા રાજકારણ ગરમાયું છે. કોરોનાના કહેર અને લોકડાઉન વચ્ચે અટવાયેલા અને પોતાના વતન જવા માંગતા લાખો શ્રમિકો પાસે ભાડાના પૈસા નથી ત્યારે કોંગ્રેસે ભાડાનો ખર્ચો ઉપાડવાની તૈયારી બતાવી હતી.

સુરતમાં કોંગી ધારાસભ્ય સી.જે.ચાવડા દ્વારા આપવામાં આવેલ પૈસા મામલતદારે સ્વીકાર્યા ન હતા, જયારે મંત્રી કુમાર કાનાણીએ એવી કમેન્ટ કરી હતી કે તેઓ કોંગ્રેસ પાસેથી ભાડુ વસૂલવા તૈયાર છે. જેના જવાબમાં આજે અમીત ચાવડાએ સીએમ રૂપાણીને પત્ર લખ્યો છે. ગુજરાતના શ્રમિકોને ગુજરાતમાં વતન મોકલવાનો મામલે પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અમિત ચાવડાએ સીએમ રૂપાણીને પત્ર લખી જણાવ્યું છે કે, ઈકાલે તમારા મંત્રી દ્વારા ભાડાની માગ કરાઈ હતી. ગઈકાલે સરકારના મંત્રી કુમાર કાનાણીએ કોંગ્રેસ પાસે ભાડુ માંગ્યુ હતુ.

ગુજરાતની જનતાએ તમને ૨૨ વર્ષથી સમર્થન આપ્યુ છે. આવા કપરા સમયમાં રાજનીતિ ન થવી જોઈએ. સરકારે ભૂતકાળમાં કાર્યક્રમો પાછળ ફી માં એસટી બસો દોડાવી છે. અત્યારે ધંધા-રોજગાર બંધ છે અને આવકનું કોઈ સાધન નથી ત્યારે લોકોની સરકાર પાસે અપેક્ષા હોય. સરકાર ગુજરાતમાં ફસાયેલા પરપ્રાંતીયો-શ્રમિકોને ભાડાની રકમ ન આપે તો કોંગ્રેસ આપશે. જરૂરિયાતવાળા લોકોને કોંગ્રેસ ભાડાની રકમ આપવા સમંત છે. સરકાર જલ્દી એસટી બસની વ્યવસ્થા કરે કોંગ્રેસ ભાડું ચૂકવશે.

# ૬૭ ટ્રેનો દ્વારા ૮૦ હજારથી વધુ પરપ્રાંતિયને વતન રવાના

### વધુ ૩૪ ટ્રેનો દોડાવવામાં આવી : વડોદરામાં ૫૦ જેટલા ફૂટપાથવાસીઓને લક્ઝરી બસ દ્વારા વતનમાં મોકલાયા

ગાંધીનગર,તા.૭

મુખ્યમંત્રીના સચિવ અશ્વિની કુમારે જણાવ્યું હતું કે, તમિલનાડુમાંથી ૬૦૪ સહિતના રાજ્યમાંથી લોકોને પરત લાવવામાં આવ્યા છે.





વિવિધ રાજયોમાંથી અત્યારસુધીમાં ૨૯૫૪૦ લોકોને પરત લાવવામાં આવ્યા છે. જેમાં મહારાષ્ટ્રમાંથી ૧૫૫૨૩, રાજસ્થાનમાંથી ૪૨૫૨, યુપીથી ૧૪૧૨, મધ્યપ્રદેશમાંથી ૧૫૯૦, કર્ણાટકમાંથી ૧૧૩૮,

પરપ્રાંતિયોને પોતાના વતનમાં પહોંચાડવા માટે રાજ્યમાંથી ગઈકાલ સુધીમાં ૬૭ ટ્રેનોના માધ્યમથી ૮૦૪૦૦ જેટલા શ્રમિકોને તેમના વતન મોકલવામાં આવ્યા છે. જેમા યુપી, બિહાર, ઝારખંડ અને ઓડિશાથી આવે છે તેવા પરપ્રાંતીયો-શ્રમિકોને મોકલવામાં આવ્યા છે. આજે વધુ ૩૪ ટ્રેનોના માધ્યમથી યુપી, બિહાર, ઝારખંડ, ઓડિશા, મધ્યપ્રદેશ અને છત્તીસગઢના લોકોને મોકલવાની તૈયારી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે. પરપ્રાંતીયોને વતન મોકલવા માટે યુપીની ૨૦, ઓડિશાની ૫, બિહાર ૪, ઝારખંડ ૨, મધ્ય પ્રદેશ ૨ અને છત્તીસગઢ માટે ૧ ટ્રેન રાજયના અલગ અલગ શહેરોથી રવાના થશે. જે પૈકી સુરતમાંથી ૧૨, અમદાવાદ અને વિરમગામથી ૩-૩, રાજકોટથી ૨, મોરબીથી ૩, વડોદરાથી ૩, જામનગરથી ૨, નડિયાદ, જૂનાગઢ, મહેસાણા, પાલનપુર, ભરૂચ અને ગોધરાથી પણ ટ્રેનો રવાના થશે. ગુજરાતના જે લોકો વિવિધ રાજ્યોમાં ફસાયા હતા તેમને પરત લાવવામાં આવ્યા છે. કોરોના વાઈરસના પગલે કરવામાં આવેલા લોકડાઉનમાં ફસાઈ ગયેલા પરપ્રાંતિયોની હાલત દયનીય બની ગઈ છે. વડોદરા શહેરના માર્ગો ઉપર ફૂગ્ગા, રમકડાં, મચ્છર રેકેટ સહિત સીઝનલ ચીજવસ્તુઓ વેચીને ગુજરાન ચલાવતા ૫૦ જેટલા ફૂટપાથવાસીઓને પોલીસ દ્વારા એક લક્ઝરી બસમાં વતન રાજસ્થાન મોકલી આપવામાં આવ્યા છે.